અનુસૂચિત જાતિ કલ્યાણ તેમજ વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની ખરીદી માટે સેક્રેટરીયેટ ડિપાર્ટમેન્ટલ પરચેજ કમિટીની પ્રવર્તમાન ન્યુનત્તમ નાણાકીય મર્યાદાથી વધુની બાબત માટે Gem પોર્ટલ પર ટેન્ડરીંગની પ્રક્રીયા કરવા તથા ટેન્ડરને સંલગ્ન તમામ કામગીરી માટે વિભાગ કક્ષાની સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2025/2993/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર
તા.ઈ-સાઈન મુજબ.

**વંચાણે લીધાઃ-**

(૧) ઉધોગ અને ખાણ વિભાગનો તા.૧૪/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SPO-102021-188460-CH.

(૨) આ વિભાગનો તા.૦૧/૦૬/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/1367/Store Section.

**આમુખ-**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી તા.૦૧/૦૪/૨૦૨૪ના રોજથી "Gujarat State Procurement Policy 2024" અમલમાં આવેલ છે. નવી ખરીદ નીતિના નિયમ-13 મુજબ વિભાગની વિવિધ પ્રકારની ખરીદી માટે સેક્રેટરીયેટ ડિપાર્ટમેન્ટલ પરચેજ કમિટી (SDPC) ની રચના કરવાની થાય છે. જે અન્વયે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવથી આ વિભાગની ખરીદી માટે સેક્રેટરીયેટ ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટિ (SDPC) અને ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટિ ફોર એડમીનિસ્ટ્રેટિવ ડિપાર્ટમેન્ટની રચના કરવામાં આવેલ છે. જે સંદર્ભે અનુસૂચિત જાતિ કલ્યાણ તેમજ વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની ખરીદી માટે સેક્રેટરીયેટ ડિપાર્ટમેન્ટલ પરચેજ કમિટીની પ્રવર્તમાન ન્યુનત્તમ નાણાકીય મર્યાદાથી વધુની બાબત માટે Gem પોર્ટલ પર ટેન્ડરીંગની પ્રક્રીયા કરવા તથા ટેન્ડરને સંલગ્ન તમામ કામગીરી માટે વિભાગ કક્ષાની સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપુર્વકની વિચારણાને અંતે, "Gujarat State Procurement Policy 2024" અન્વયે, સેક્રેટરીયેટ ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટિ (SDPC)ની પ્રવર્તમાન ન્યુનત્તમ નાણાકીય મર્યાદાથી વધુની બાબત માટે GEM પોર્ટલ પર ટેન્ડરીંગની પ્રક્રીયા કરવા તથા ટેન્ડરને સંલગ્ન તમામ કામગીરી માટે નીચે મુજબના સભ્યોની બનેલી વિભાગ કક્ષાની સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી (સા.ન્યા.) | અધ્યક્ષ |
| ૨ | નાયબ સચિવશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતી જાતિ કલ્યાણ) | સભ્ય |
| ૩ | નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ/વિકસતી જાતિ કલ્યાણ) | સભ્ય |
| ૪ | માર્ગ અને મકાન વિભાગના પ્રસ્તુત વિષયવસ્તુના તકનિકી નિષ્ણાંત | સભ્ય |
| ૫ | વર્ગ-૧ થી ઉતરતી કક્ષાના ન હોઈ તેવા, મધ્યસ્થ સરંજામ ખરીદતંત્ર (CSPO) ના અધિકારી | સભ્ય |
| ૬ | સંયુક્ત નિયામકશ્રી (અનુસુચિત જાતિ કલ્યાણ/વિકસતી જાતિ કલ્યાણ) | સભ્ય સચિવ |

- જો (અ.જા.ક./વિ.જા.ક.) સંયુક્ત પ્રભાગની સમાન પ્રકારની વસ્તુઓની ખરીદી કરવાની હોય તો આ સમિતિના નાયબ સચિવશ્રી સભ્ય રહેશે અને ન હોય તો જે તે પ્રભાગના નાયબ સચિવ સમિતિના સભ્ય, નિયામકશ્રી સભ્ય અને સંયુક્ત નિયામકશ્રી સભ્ય સચિવ રહેશે.

- GEM પોર્ટલ પર ટેન્ડરીંગની પ્રક્રીયા કરવા તથા ટેન્ડરને સંલગ્ન તમામ કામગીરી (બેઠક/કાર્યવાહી નોંધ સહિતની તમામ) સંબંધિત સભ્ય સચિવશ્રી દ્વારા હાથ ધરવાની રહેશે.

- ચાલુ તેમજ આગામી નાણાકીય વર્ષ દરમ્યાન, GEM પોર્ટલ પર કરવાની થતી ખરીદી અંગે સેક્રેટરીયેટ ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટિ (SDPC)ના પ્રવર્તમાન ન્યુનત્તમ નાણાકીય મર્યાદાથી વધુની બાબત માટેની ટેન્ડર સંબંધિત તમામ કામગીરી આ સમિતિને રજુ કરવાની રહેશે

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૫/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં

આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(દેવ્યાની ઝાલા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના-**

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (અ.જા.ક./વિ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત ઉદ્યોગ કમિશ્નરશ્રી (CSPO), ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી (અ.જા.ક./વિ.જા.ક.), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે સેક્શન અધિકારીશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

*Signature Not Verified*

*Signed by:Devyani Zala*
*Section Officer*
*Date:2026.09.05 17:46:15 +5:30*



Open the document in Adobe Acrobat DC to verify the E-sign